## ગાંધીનગર મહાનગર પાલિકા
## ડોર ટુ ડોર એનીમલ ટેગીંગની કામગીરી બાબત

# જાહેર નોટીસ

નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા અપાયેલા નિર્દેશન અનુસાર શહેરમાં રાખવામાં આવતા પશુઓની નોંધણી કરાવી પશુમાં **RFID** ચીપ અને વિઝ્યુઅલ ટેગ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે લગાવડાવવી ફરજીયાત છે. આથી ગાંધીનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વસવાટ કરતા પશુપાલકો/ઇસમો/સંસ્થાઓ ને જણાવવાનું કે, ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ના શીડ્યુલ ચેપ્ટર-૧૪ ના રૂલ્સ-૨૨(૧), જી.પી.એમ.સી. એક્ટ ની કલમ-૩૭૬ (સી) (i), (ii), (iii), (iv) અને ગાંધીનગર જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા તા.૦૯/૦૨/૨૦૨૩ થી બહાર પાડવામાં આવેલ જાહેરનામુ ક્રમાંક: ડીસી/ RFID/ જાહેરનામું/ વશી.૧૧૭૯ થી ૧૧૯૩/ ૨૦૨૩માં જણાવેલ જોગવાઇઓ અંતર્ગત તમામ પશુઓ રાખવા માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત હોય સંબંધકર્તા તમામ પશુપાલકો/ ઇસમો/સંસ્થાઓને તેઓના દરેક પશુ એનીમલ ટેગીંગ (RFID Microchip with Tag) – Registration હેઠળ આવરી લેવાય તે માટે નીચેની વિગતો ખાસ વંચાણે લઇ તે મુજબ કામગીરી કરાવી લેવા જણાવવામાં આવે છે.

(૧) પશુપાલકો/સંસ્થાઓએ ફરજીયાત તેમના તમામ પશુઓ (ગાય, ભેંસ, વાછરડો, વાછરડી, પાડો, પાડી, ખુંટ, બળદ) માટે ટેગીંગ તથા નોંધણી કરાવી લેવાની રહેશે.

(૨) પશુપાલકો/પશુમાલિકોએ પશુઓના ટેગીંગ તથા નોંધણી બાબતે નીચે મુજબ તેઓના પુરાવા રજુ કરવાના રહેશે.

(અ)રહેઠાણના પુરાવા રૂપે આધારકાર્ડ/ વેરાબીલની નકલ.

(બ)ચુંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ ની નકલ.

(ક)પાસપોર્ટ સાઈઝનો ફોટો (૦૨ નંગ)

(૩) કાયમી રજીસ્ટ્રેશન ફી પેટે પશુ દીઠ રૂ. ૨૦૦/- ગાંધીનગર મહાનગરપાલિકાને ચૂકવવાના રહેશે.

(૪) પશુઓના રજીસ્ટ્રેશન માટેના ઓનલાઈન ફોર્મ ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઇટ https://gandhinagarmunicipal.com/ પરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે તથા ઓફલાઈન ફોર્મ ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી પરથી અને ઢોર ડબ્બા, સેકટર- ૩૦ ખાતેથી વિનામૂલ્યે મેળવી શકાશે. જે ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરી ઉપર જણાવેલ પુરાવા સહીત અત્રેની કચેરીના કાયમી કર્મચારીને નક્કિ કરેલ સમય અવધિમાં જમા કરવવાના રહેશે.

(૫) પશુમાલિકો દ્વારા નોંધણી કરાયેલા પશુઓમાં RFID ચીપ અને ટેગ લગાવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અધિકૃત કરેલ કર્મચારીઓ જયારે પણ પશુ માલિકોના નિવાસ સ્થાને અગર તો જ્યાં પશુઓને રાખવામાં આવે છે આ સ્થળની તપાસ અને સ્થળ ઉપર પશુઓને **RFID** તેમજ વિઝ્યુઅલ ઈયર ટેગ લગાવવાની કામગીરી માટે આવે ત્યારે સંપૂર્ણ સાથ-સહકાર આપવાનો રહેશે.

(૬) તબેલા/ઢોરવાડા/ગૌશાળા/નિવાસ સ્થાને રાખવામાં આવતા તમામ ગાય/ભેંસ અને તેના વાછરડા માટે સમાન ધોરણે નોંધણી નંબર મેળવી લેવો ફરજીયાત રહેશે.

(૭) ખરીદ કરેલ તથા જન્મ પામેલ વાછરડા કે પાડાઓ માટે પણ સમાન ધોરણે નોંધણી કરાવી લેવાનું ફરજીયાત હોઈ દરેક પશુપાલકો/સંસ્થાઓએ આ બાબતની ખાસ તકેદારી રાખવી.

(૮) પશુમાલિકોએ પોતાના પશુઓ પોતાની જગ્યામાં બાંધીને રાખવા, ખુલ્લા મુકવા નહી, જેથી નાગરિકો/ વાહનચાલકોમાં બનતા અકસ્માતનાં બનાવો અટકી શકે.

(૯) પશુઓની અવર-જવર મુવમેન્ટ દ્વારા જાહેર રસ્તા/સ્થળો ઉપર અડચણ ન્યુસન્સ/ ગંદકી ન થાય તથા ટ્રાફિકમાં અવરોધ ઉભો ન થાય તેની તકેદારી પશુ માલિકે રાખવાની રહેશે.

(૧૦) પશુ રાખવાની જગ્યા/ વાડા/ શેડ/ ગમાણ વિગેરે સ્થળોની ધોરણસરની સાફ-સફાઇ રાખવી જેથી રોગચાળાનો ફેલાવો રોકી શકાય, આસપાસ ન્યુસન્સ-ગંદકી ન થાય, રહીશોને અગવડતા ન પડે તેની તકેદારી પશુ માલિકે રાખવાની રહેશે.

(૧૧) જાહેર રસ્તાઓ તથા જાહેર સ્થળો પર, ચાર રસ્તા, જંક્શન, સર્કલ પર પશુઓને ઘાસચારો, ખાદ્યપદાર્થ નાંખવા, રાખવા તથા વેચાણ કરવા જેવી પ્રવૃત્તિ પર જાહેરનામાં દ્વારા પ્રતિબંધ ફરમાવેલ હોઇ જાહેર સ્થળો તથા ધાર્મિક સ્થળોએ નાગરિકોએ ઘાસચારો નાખવાને બદલે શાળા/ /પાંજરાપોળ/ ધાર્મિક સંસ્થામાં ખવડાવવો જેથી અકસ્માત બનતા અટકી શકે.

(૧૨) નાગરિકોએ કચરો કચરાપેટી/ કચરા ટોપલીમાં જ નાખવો ખુલ્લામાં કચરો, એઠવાડ નાંખવો નહીં, સેન્ટ્રલ વર્ક, ફૂટપાથ પર ખાદ્યપદાર્થ નાંખવા નહીં જેથી પશુઓ જાહેરમાં/ ખુલ્લામાં આવવા પ્રેરાય નહી.

(૧૩) જો કોઇપણ પશુપાલકના રખડતા છોડેલા પશુઓના લીધે કોઇ પણ અનિચ્છિનિય બનાવ (ગંભીર ઇજાઓ અથવા મૃત્યુ) થશે તો તેવા સંજોગોમાં તે પશુપાલક વિરૂધ્ધમાં આઇ.પી.સી. ૨૮૯ અને ૩૦૪, ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ (૯૦અ), જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ (૨૩૩ ક) મુજબ કાર્યવાહી કરવા માટે સક્ષમ સત્તાધિકારીને જણાવવામાં આવશે.

(૧૪) નામદાર ગુજરાત હાઇકોર્ટના નિર્દેશનોની અમલવારી તથા શહેરના નાગરિકોની સુખાકારીના હિતમાં પશુ માલિકોને તેમના પશુઓને બાંધીને રાખવા તેમજ ગમે ત્યાં જાહેર સ્થળો રસ્તા પર રખડતા મુકવાથી નાગરિકોને અડચણ તથા ન્યુસન્સ તેમજ ટ્રાફિકમાં અવરોધ ઉભો નહિ કરવાની ખાસ તકેદારી રાખવા નોટીસ આપી પશુપાલકોને સૂચિત કરવામાં આવે છે. જો પશુ માલિકો/સંસ્થાઓ દ્વારા નિયત સમયગાળા (જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામામાં દર્શાવ્યા મુજબ) સુધીમાં જો રજીસ્ટ્રેશન કરાવી લેવામાં નહી આવે તો તેઓ સામે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાના ભંગ તેમજ ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ તથા કેટલ ટ્રેસ પાસ એક્ટ, ૧૮૭૧ જેવી વિવિધ કાયદાકીય જોગવાઈઓ અન્વયે પશુ માલિકો સામે કાર્યવાહી કરવામાં આવશે તથા નોંધણી થયા વગરના પશુઓને પકડાયેથી કાયમી ધોરણે જપ્ત કરવામાં આવશે.

સંદીપ સાગળે (IAS)
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા

તા.૦૯/૦૩/૨૦૨૩